ગુજરાત સમાચાર (Gujarat Samachar)

Date : 9-Apr-08
Headline ;
Event : Press conference to announce the launch of Arthaeon Financial Services
Location : Mumbai

# હવે રીટેલ ગ્રાહકોને એક છત્ર હેઠળ બધી ફાઈનાન્સ સર્વિસિઝ મળતી થશે

## અર્થેઓન ફાઈનાન્સનો ભારતમાં રીટેલ ક્ષેત્રે પ્રવેશ

(વાણિજ્ય પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા. ૮

ભારતની છેલ્લા ત્રણ વર્ષમાં ૯ ટકા જેટલા ઊંચા દરે આર્થિક વૃદ્ધિને પગલે ફાઈનાન્શિયલ સર્વિસિઝ ક્ષેત્રે અસાધારણ ઊંચી માગ નીકળી છે. આ જંગી માગમાંથી ઘણી બેંકો, એસેટ મેનેજમેન્ટ કંપનીઓ, ઈન્સ્યોરન્સ કંપનીઓ પૂરી કરી છે, પરંતુ દરેક અલગ રીતે અને મર્યાદિત સર્વિસ પર ધ્યાન આપે છે. જ્યારે હવે ફાઈનાન્શિયલ સર્વિસિઝ ક્ષેત્રે એક છત્ર હેઠળ ગ્રાહકને સંપૂર્ણ ઉકેલ આપતી અને દરેક પ્રોડક્ટ્સ બ્રાન્ડેડ પર્સનલ ફાઈનાન્શિયલ સર્વિસિઝ કંપની દ્વારા ઓફર કરવાનો નવો ટ્રેન્ડ શરૂ થયો છે.

આ નવતર ટ્રેન્ડના ભાગરૂપ અર્થેઓન ફાઈનાન્શિયલ સર્વિસિઝે તેની વતર મની મેનેજમેન્ટ સર્વિસ શરૂ કરીને ભારતના રીટેલ પર્સનલ ફાઈનાન્સ ઉદ્યોગમાં પ્રવેશ કરવાની મહત્ત્વાકાંક્ષી યોજના જાહેર કરી છે. 'અર્થ મની' બ્રાન્ડ હેઠળ કંપની રીટેલ ભારતીય દેશમાં કે વિદેશમાં વસતા ગ્રાહકોને સિંગલ સ્ટોપ, મલ્ટિ પ્રોડક્ટ, મલ્ટિ બ્રાન્ડ ફાઈનાન્શિયલ સર્વિસ ઓફર કરશે. સર્વિસિઝ કંપની તેના બ્રાન્ચ નેટવર્ક, ઈન્ટરનેટ અને ટેલિફોન સહિતના અલગ અલગ ડિસ્ટ્રીબ્યુશન ચેનલો થકી ઓફર કરશે. અર્થેઓન ફાઈ. સર્વિસિઝના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ સુરેશ રંગરાજને કહ્યું હતું કે, ભારતના ઝડપી વિકાસ સાથે સમૃદ્ધિએ રીટેલ ગ્રાહકોના હાથમાં મોટો નાણાપ્રવાહ આવ્યો છે.